INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૭-૦૮-૨૦૨૬

- **તહેવારોની મીઠાશમાં મોંઘવારીની કડવાશ, ગુજરાતની જનતાને જવાબ જોઈએ, જાહેરાતો નહીં: ડૉ. મનિષ દોશી**
- **ખાંડ મોંઘી, ખેડૂત પરેશાન અને લાખો પરિવારો પર વધારાનો બોજ, મોદી સરકારની નીતિનો લાભ કોને? : ડૉ. મનિષ દોશી**
- **પેટ્રોલ-ડીઝલ-સીએનજી-પીએનજી સહિતના ઈંધણમાં સતત વધારો ઝીંકવામાં આવ્યો છે. છેલ્લા ૧૨ વર્ષમાં કેન્દ્રની મોદી સરકારે દેશના ૧૪૦ કરોડ નાગરિકોના ખિસ્સામાંથી ૪૦ લાખ કરોડ રૂપિયા સેરવી લીધા છે : ડૉ. મનિષ દોશી**

રક્ષાબંધનથી શરૂ થયેલી તહેવારોની મોસમ જન્માષ્ટમી, નવરાત્રી, દશેરા અને દિવાળી સુધી પહોંચવાની છે, ત્યારે ગુજરાતના લાખો પરિવારોને મીઠાઈની જગ્યાએ મોંઘવારીની કડવાશનો સામનો કરવો પડી રહ્યો છે. ખાંડના ભાવમાં થયેલા તીવ્ર વધારાએ સામાન્ય પરિવારના બજેટ સાથે મીઠાઈ-ફરસાણ, બેકરી અને નાના ખાદ્ય વ્યવસાયોની મુશ્કેલી પણ વધારી છે. કાળાબજારીયા, સંગ્રહખોરોને કાબુ કરવામાં નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં શેરડીનું વાવેતર ૨૦૨૧-૨૨માં ૨.૨૩ લાખ હેક્ટર હતું, જે ૨૦૨૪-૨૫માં ઘટીને ૧.૮૯ લાખ હેક્ટર થયું છે લગભગ ૧૫ ટકાનો ઘટાડો. બીજી તરફ ખાતર, બીજ, દવા, સિંચાઈ, મજૂરી, કાપણી અને પરિવહનનો ખર્ચ સતત વધી રહ્યો છે. ખેડૂત લાંબા સમય સુધી જમીન શેરડીના પાકમાં રોકે છે, છતાં તેની ચોખ્ખી આવક સામે ગંભીર પ્રશ્નો છે. સૌથી મોટો સવાલ એ છે કે જ્યારે ખેડૂતને યોગ્ય વળતર માટે સંઘર્ષ કરવો પડે છે, ત્યારે ગ્રાહકને ખાંડ આટલી મોંઘી કેમ મળે છે? છેલ્લા બે મહિનામાં ખાંડના ભાવમાં આશરે ૪૦ ટકા સુધીનો ઉછાળો નોંધાયો છે. ડુંગળીના ભાવ મે-૨૦૧૩માં ૨૩ રૂ. પ્રતિકિલો જે ઓગસ્ટ-૨૦૨૬માં ૮૪ રૂ. પ્રતિ કિલો એટલે કે ૨૧૭.૩૯ ટકાનો જંગી વધારો છતાં ડુંગળી પકવનારા ખેડુતો રાતાપાણીએ રોવે છે, ભાવ મળતા નથી બીજી બાજુ સંગ્રહખોરો - કાળા બજારીયાઓ બેફામ લુંટ ચલાવી રહ્યાં છે. અહંકારી અને સંવેદનહીન ભાજપ સરકારે ગુજરાતના પ્રત્યેક ઘરના ચૂલા પર તાળું મારવાનું કાવતરું ઘડ્યું છે. જે સરકાર વિકાસ ના પોકળ નારા લગાવે છે. તે જ સરકારના રાજમાં ડુંગળી, દૂધ, ખાંડ અને ગેસ સિલિન્ડર જેવી પાયાની ચીજો ગરીબ-સામાન્ય અને મધ્યમવર્ગની પહોંચની બહાર ધકેલાઈ ગઈ છે. આ છે મોદી સરકારના અચ્છે દિન...!

પેટ્રોલ-ડીઝલ-સીએનજી-પીએનજી સહિતના ઈંધણમાં સતત વધારો ઝીંકવામાં આવ્યો છે. છેલ્લા ૧૨ વર્ષમાં કેન્દ્રની મોદી સરકારે દેશના ૧૪૦ કરોડ નાગરિકોના ખિસ્સામાંથી ૪૦ લાખ કરોડ રૂપિયા સેરવી લીધા છે. લોકોની આવક ઘટતી જાય છે અને સતત ભાવ વધારા, મોંઘવારીના લીધે ખર્ચમાં સતત ઉમેરો થઈ રહ્યો છે. ખેડૂતો હોય કે ગરીબ - સામાન્ય વર્ગના પરિવારો આર્થિક પાયમાલીમાં ધકેલાઈ રહ્યાં છે, જે ચિંતાનો વિષય છે.

ભાવ કાબૂ બહાર ગયા બાદ કેન્દ્ર સરકારે ૧૦ લાખ ટન કાચી ખાંડની ડ્યૂટી-ફ્રી આયાતને મંજૂરી આપી છે. કોંગ્રેસનો સવાલ છે સરકારને ઉત્પાદન, સ્ટોક અને તહેવારો દરમિયાન વધતી માંગની જાણ પહેલેથી હતી તો સમયસર પગલાં કેમ ન લેવાયા? કેન્દ્રમાં યુપીએ સરકાર વર્ષ ૨૦૧૩માં ખાંડ રૂ. ૩૭/- પ્રતિ કિ.ગ્રા. હતી જે વર્ષ ઓગસ્ટ ૨૦૨૬માં મોદી શાસનમાં ૮૪ રૂ. પ્રતિ કિલો એટલે કે ૧૨૭.૦૩ ટકા જેટલાં જંગી મોંઘવારી નોંધાઈ છે.

કોંગ્રેસની માંગ છે કે મિલથી લઈને જથ્થાબંધ વેપારી અને છૂટક બજાર સુધીના સ્ટોક તથા ભાવની ઉચ્ચસ્તરીય તપાસ, સંગ્રહખોરી અને કાળાબજારી સામે કડક કાર્યવાહી અને સમગ્ર સપ્લાય ચેઈનનો પારદર્શક ઓડિટ કરવામાં આવે. ખેડૂતને યોગ્ય ભાવ નહીં, ગ્રાહકને રાહત નહીં તો ખાંડના ભાવવધારાનો લાભ આખરે કોને? તહેવારોમાં ઘરોમાં મીઠાશ જોઈએ, મોંઘવારીની કડવાશ નહીં. ગુજરાતની જનતાને જવાબ જોઈએ માત્ર જાહેરાતો નહીં.

| **જીવન જરૂરી વસ્તુઓ** | **મે-૨૦૧૩ (કિ.ગ્રા)** | **ઓગસ્ટ-૨૦૨૬ (કિ.ગ્રા)** | **ટકાનો વધારો** |
|---|---|---|---|
| ખાંડ | ૩૭.૦૦ | ૮૪.૦૦ | ૧૨૭.૦૩% |
| તુવેરની દાળ | ૭૫.૦૦ | ૧૮૦.૦૦ | ૧૪૦.૦૦% |
| અડદની દાળ | ૭૧.૦૦ | ૧૮૦.૦૦ | ૧૫૩.૫૨% |
| ચણા દાળ | ૫૦.૦૦ | ૧૨૫.૦૦ | ૧૫૦.૦૦% |
| સરસોનું તેલ | ૧૦૨.૦૦ | ૨૬૩.૦૦ | ૧૫૭.૮૪% |
| સીંગતેલનું તેલ | ૧૬૫.૦૦ | ૨૮૬.૦૦ | ૭૩.૩૩% |
| દુધ | ૩૬.૦૦ લી. | ૮૫.૦૦ લી. | ૧૩૬.૧૧% |
| લોટ | ૨૧.૦૦ | ૬૯.૦૦ | ૨૨૮.૫૭% |
| ચોખા | ૨૯.૦૦ | ૭૧.૦૦ | ૧૪૪.૮૩% |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા